# India - Sweden Virtual Summit

March 05, 2021

---

# ભારત-સ્વીડન વર્ચ્યુઅલ શિખર સંમેલન

માર્ચ 05, 2021

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને કિંગ્ડમ ઑફ સ્વીડનનાં વડાપ્રધાન મહામહિમ સ્ટીફન લોફવેને વર્ચ્યુઅલ શિખર સંમેલન યોજ્યું હતું જેમાં તેઓએ દ્વિપક્ષીય મુદ્દાઓ અને પ્રાંતિય અને બહુપક્ષીય પારસ્પરિક હિતનાં મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

વડાપ્રધાન મોદીએ 3 માર્ચનાં રોજ હિંસક હુમલો થવાની બાબતમાં સ્વીડનનાં લોકો સાથે એકતા અભિવ્યક્ત કરી હતી અને ઇજાગ્રસ્તો વહેસા સાજા થાય તે માટે પ્રાર્થના કરી હતી.

વડાપ્રધાન મોદીએ પ્રથમ ભારત-નોર્ડિક શિખર સંમેલન માટે પોતાની 2018 માં લીધેલી સ્વીડનની પોતાની મુલાકાત અને સ્વીડનનાં રાજા અને રાણીએ ડીસેમ્બર 2019 માં લીધેલી ભારતની મુલાકાતને સ્નેહપૂર્વક યાદ કરી હતી.

બન્ને નેતાઓએ એ બાબત રેખાંકિત કરી હતી કે ભારત અને સ્વીડન વચ્ચે લાંબા સમયથી ટકી રહેલા નિકટતમ સંબંધો લોકશાહી, કાયદાનું શાસન, બહુવાદ, સમાનતા, વાણીની સ્વતંત્રતા અને માનવ અધિકારોનો આદર કરવાનાં સંયુક્ત મૂલ્યો પર આધારિત છે. તેઓએ બહુપક્ષીયતા, કાયદા-આધારિત આંતરરાષ્ટ્રિય શાસન, આંતકવાદનો સામનો કરવો અને શાંતિ અને સુરડા માટે કામ કરવાની તેઓની કટિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. તેઓએ યુરોપીયન યુનિયન અને ઇયુ દેશો વચ્ચે ભારતની ભાગીદારીનાં વદી રહેલા ઉભારનો સ્વિકાર કર્યો હતો.

બન્ને નેતાઓ ભારત અને સ્વીડન વચ્ય ચાલું વ્યાપક જોડાણની સમીક્ષા કરી હતી, અને 2018 માં વડાપ્રધાન મોદીની સ્વીડનની મુલાકાત દરમિયાન સંમતી થયેલ સંયુક્ત કાર્યવાહી યોજના અને સંયુક્ત નવીનીકરણ ભાગીદારીનાં અમલીકરણ પર સંતોષ વ્યક્ત કર્યો હતો. તેઓએ આ ભાગીદારીઓનાં તંતુઓ અંતર્ગત વિષયો વધારે વૈવિધ્યપૂર્ણ બનાવવા માટે ક્ષેત્રોની ખોજ કરી હતી.

વડાપ્રધાન મોદીએ ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA) માં જોડાવાનાં સ્વીડનનાં નિર્ણયને આવકાર્યો હતો. નેતાઓએ ભારત-સ્વીડન સંયુક્ત પહેલ – ઔદ્યોગિક સંક્રાંતી પર લીડરશીપ ગ્રુપ (LeadIT) ની

વધી રહેલી સભ્યતાની પણ નોંધ લીધી હતી જેને સપ્ટેમ્બર 2019 માં ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર આબોહવા કાર્યવાહી શિખર સંમેલન દરમિયાન લોન્ચ કરવામાં આવી હતી.

બન્ને નેતાઓએ રસીકરણ અભિયાન સહિત કોવિડ-19 પરિસ્થિતી પર પણ ચર્ચા કરી હતી અને સમગ્ર રાષ્ટ્રોને તાત્કાલિક અને સસ્તી રસી સુલભ કરાવીને રસીની ઇક્વિટી માટેની જરૂરીયાત પર ભાર મૂક્યો હતો.

**નવી દિલ્હી**
**માર્ચ** 05, 2021

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.